અપીલ અરજી નં.૩૫૪ તા.૧૫–૧–૧૦

અરજદારઃ– શ્રી રાજેશ જસવંતલાલ પાવઠાવાલા

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ડે.કમિશ્નર (સ્પે)અને જાહેર માહિતી અધિકારી (કાયદાખાતુ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ જસવંતલાલ પાવઠાવાલાની તા.૧૭–૧૨–૦૯ ની અરજીથી મોજે ફુલપાડા રે.સ. નં.૧૨૩ વાળી મિલ્કત અંગે જણાવેલ જવાબ જે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૫૪ તા.૧૪–૧૨–૦૯ થી નામદાર સીવીલ કોર્ટમાં રે.દિ.મું. નં.૪૬૬/૮૯ થી સ્ટે. ઓર્ડર જણાવેલ છે તો તે અંગે (૧) રે.દિ. મું. નં.૪૬૬/૮૯ નો કેસનો શું નિર્ણય આવેલ છે અને જો નિર્ણય થયેલ હોય તો ચુકાદાની સાચી નકલ આપશો.(૨) રે.દિ. મું. નં.૪૬૬/૮૯ નો કેસ જે હાલમાં ચાલુ હોય તો તેની સંપૂર્ણ વિગત તથા હાલ કઈ કોર્ટમાં કેસ ચાલે છે તેની માહિતી આપશો. (૩) હાલમાં સર્વે નં.૧૨૩ વાળી મિલ્કત ની હાલની સ્થિતિ તથા કેસની લેટેસ્ટ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૪/૨૦૧૦

શ્રી રાજેશ જસવંતલાલ પાવઠાવાલાની તા.૧૭–૧૨–૦૯ ની અરજીથી મોજે ફુલપાડા રે.સ. નં.૧૨૩ વાળી મિલ્કત અંગે જણાવેલ જવાબ જે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૫૪ તા.૧૪–૧૨–૦૯ થી નામદાર સીવીલ કોર્ટમાં રે.દિ.મું. નં.૪૬૬/૮૯ થી સ્ટે. ઓર્ડર જણાવેલ છે તો તે અંગે (૧) રે.દિ. મું. નં.૪૬૬/૮૯ નો કેસનો શું નિર્ણય આવેલ છે અને જો નિર્ણય થયેલ હોય તો ચુકાદાની સાચી નકલ આપશો.(૨) રે.દિ. મું. નં.૪૬૬/૮૯ નો કેસ જે હાલમાં ચાલુ હોય તો તેની સંપૂર્ણ વિગત તથા હાલ કઈ કોર્ટમાં કેસ ચાલે છે તેની માહિતી આપશો. (૩) હાલમાં સર્વે નં.૧૨૩ વાળી મિલ્કત ની હાલની સ્થિતિ તથા કેસની લેટેસ્ટ માહિતી આપવા બાબતે કોઈ પ્રત્યુત્તર ન મળેલ હોવાથી તથા કાર્યપાલક ઈજનેર અને કાયદાખાતાના એકબીજાની જવાબદારીમાંથી નીકળવાનો પ્રયાસ કરે છે અને પરસ્પરને જણાવે છે તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને તબદીલ કરેલ હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં .આરટીઆઈ સેલ/૧૨૧૮ તા.૨૮–૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) અને ડે.કમિશ્નર (સ્પે)અને જાહેર માહિતી અધિકારી (કાયદાખાતુ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૮–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની અરજી ઈસ્ટઝોન વરાછાના મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/આ.નં.૪૮૬ તા.૪–૧–૧૦ થી ઈ.ચા. લો ઓફિસર કાયદા વિભાગ મુખ્ય કચેરી એ તબદીલ કરેલ છે તેની નકલ, અરજદારની તા.૧૭–૧૨–૦૯ ની મુળ અરજીની નકલ, વરાછાઝોન તરફથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૫૪ તા.૧૪–૧૨–૦૯ ના પત્રની નકલ, લો–ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કાયદા વિભાગ આંન.૫૬૭ તા.૧૨–૧–૧૦ ની તબદીલ કર્યાના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતા) તરફથી પૂરક વિગતોમાં તા.૮–૨–૧૦ ના તેમના રીપોર્ટથી " કેસ વરાછાઝોનનો હોય તથા વકીલની નિમણૂંક ત્યાંથી થયેલ હોય માહિતી માટે વરાછાઝોનને તબદીલ કર્યાનું જણાવેલ છે.

અરજદારની તા.૧૭–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર પૂર્વઝોન કચેરી વરાછા ખાતે ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ થી ૩ થી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈસેલ/૪૮૬ તા.૪–૧–૧૦ થી ઈ.ચા. લો ઓફિસર કાયદા વિભાગ મુખ્ય કચેરીએ આંશિક માહિતીના મુદ્દા નં.૧ અને ૨ બાબતે તબદીલ કરવામાં આવેલ. જે ઈ.ચા. લો ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી કાયદા વિભાગ આ.નં.૫૬૭ તા.૧૨–૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. પરંતુ તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી અરજદારને માહિતી પાડયાની કોઈ વિગતો અત્રે મોકલેલ નથી કે માહિતીના ઈન્કાર માટે આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી દફતરી ઉપલબ્ધ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),

અને એપેલેટ ઓફિસર

સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (કાયદાખાતુ) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી રાજેશ જસવંતલાલ પાવઠાવાલા